Appendix 7

## પરિશિષ્ટ – ૭

## આમલીનો ધર્મ

૧ ગુરુસત્ ।। ।। ગુરુસત ।। ।।

૨ ॐ પ્રભુજી

3 ઓમ OM (સુરતે બહર કુરાને શરીફ)

શબ્દાક્ષરં પરબ્રહ્મ – :ગીતા:

પરમાત્માનું વેદમાં લખેલું નામ ॐ

અ – જીવ – જાગ્રત અવસ્થા :અંગ્રેજીમાં: – બ્રહ્મ

ઉ જગત – સ્વપ્નાવસ્થા : " :

મ ઇશ્વર – સુષુપ્તાવસ્થા : " :

– બ્રહ્મ – તુરીયાવસ્થા : " :

૪ સર્વે વેદા યત્પદમામનન્તિ

તપાંસિ સર્વાણિ ચ યદ્વદન્તિ ।

યદિચ્છન્તો બ્રહ્મચર્યં ચરન્તિ

તત્તેપદં સંગ્રહેણ બ્રવીમિ ।

ઓમિત્યેત ।।

–કઠ ઉપનિષત–
૧:૨:૧૫

બધા વેદો અને તાપસીઓ જેનું વારંવાર મનન અને ઉચ્ચારણ કરે છે તથા જેને માટે બ્રહ્મચર્ય પાળે છે તે તને ટૂંકામાં જ કહું –

તે ॐ છે.

–કઠ ઉપનિષત–
૧ : ૨ : ૧૫

૫

ઓમ્

ગરમી તેજ

પ્રેમભક્તિ પૂર્ણતા–જ્ઞાન ઓમ્

૬ આત્માનમરણીં કૃત્વા પ્રણવં ચોત્તરારણીમ્ ।
ધ્યાન નિર્મથનાભ્યાસાત્પાશં દહતિ પંડિતઃ ।।

આત્માને એક અરણી અને ૐ કારને બીજી અરણી બનાવીને ધ્યાનથી ને ખૂબ મથનથી અને અભ્યાસથી જ્ઞાની માયાનો પાશ બાળે છે.

૭ પ્રણવોધનુઃ શરો હ્યાત્મા બ્રહ્મ તલ્લક્ષ્ય મુચ્યતે ।
અપ્રમત્તેન વેધ્ધવ્યં શરવત્તન્મયો ભવેત્ ।।

ૐ ધનુષ્ તીર આત્માનું, લક્ષ્ય બ્રહ્મ બનાવવું,
ત્વરાથી વીંધવાને, હાં ! તીરવત તન્મય થવું

—મૂણ્ડક ઉપનિષત્—

૮ સત્યાત ન પ્રમદિતવ્યમ ।। ઉપનિષત્
સત્યમાં પ્રમાદ ના કર. ઉપનિષત

૯ કર્તવ્યાત ન પ્રમદિતવ્યમ ।। ઉપનિષત્
કર્તવ્યમાં પ્રમાદ ના કર. ઉપનિષત
કલ કરે સો આજ કર, આજ કરે સો અબ,
અવસર બીત્યો જાત હૈ, ફેર કરેગો કબ ?

—માઇ જીવજીરામ—

૧૦ મન્તવ્યં સત, કર્તવ્યં દઢ ।
માનવું તે સત ને કરવું તે અડગ

૧૧ નાયમાત્મા બલહીનેન લભ્યતે । શ્રુતિઃ
આ આત્મા બાયલાઓને મળતો નથી. શ્રુતિ.

૧૨ કસ્તરતિ કસ્તરતિ માયામ ?
યસ્સંગાસ્ત્યજતિ યો મહાનુભાવો સેવતે યો નિર્મમો ભવતિ
યો વિવિક્ત સ્થાનં સેવતે યો લોકબંધ મુન્મૂલયતિ
નિસ્ત્રૈગુણ્યો ભવતિ યોગક્ષેમં ત્યજતિ યઃ કર્મફલં ત્યજતે ।

કર્માણિ સન્ન્યસતિ તતો નિર્દ્વન્દ્વો ભવતિ વેદાનપિ સંન્યસતિ ।
કેવલમવિચ્છિન્નાનુરાગં લભતે સ તરતિ સ તરતિ લોકાંસ્તારયતિ ।

—નારદભક્તિ સૂત્ર–૪૫:૪૯

૧૩ તરે છે કોણ માયાને ? કોણ ? જે સંગને તજે,
મહાનુભાવને સેવે, ને જે નિર્મમ થાય છે
એકાન્તસ્થાન જે સેવે, છેદે જે લોકબન્ધને,
નિસ્ત્રૈગુણ્ય થતો જે, ને જે યોગક્ષેમત્ને તજે –
ત્યાગે કર્મફળોને જે, વળી ત્યાગે ય કર્મને,
અને નિર્દ્વન્દ્વ જે થાયે વેદોને યે પરિત્યજે –
અને માત્ર અવિચ્છિન્ન પ્રેમ જે જન પામતો
તરે છે તે – તરે છે તે, લોકોને તેજ તારતો.

—નારદભક્તિ સૂત્ર– ૪૫–૪૯

૧૪ પોથી પઢ પઢ જગ મુવો, ભયા ન પણ્ડિત કોય
અઢાઇ અક્ષર પ્રેમ કે, પઢે સો પણ્ડિત હોય.

—તુલસી દાસજી–

૧૫ ભૂલી જવાતી છો બધી લાખો કિતાબો સામટી,
જોયું ન જોયું છો બને જો એક યાદી આપની.

—કલાપી–

૧૬ ભક્તિને મોરચે ભડ કાકે આગમે
રણસંગ્રામે પદ કોક રોપે.

—ભોજા ભક્ત–

૧૭ છછછા છે માયા ગુણમયી
બળવંતી પણ દીસે નહીં,
દાનવ, માનવ ને દેવતા
આધીન થઇ સૌ યે સેવતા

પણ હરિજન આગે હારી રહી।
છછછા છે માયા ગુણમયી.

-પ્રીતમદાસ-

૧૮ ૐ પ્રેમધર્મ -

૧૯ નારાયણનું નામ જ લેતાં વારે તેને તજીએ રે

૨૦ જયાં જયાં નજર મારી ઠરે, યાદી ભરી ત્યાં આપની.

-કલાપી-

૨૧ ભક્તિ શીષ તણું સાટું રે -
આગળ વસમી છે વાટું - ભક્તિ
પહેરો પટોળાં પ્રેમનાં તમે શૂરવીર થઈને ચાલો-
ભોજો ભગત કહે સંત પ્રતાપે અમરાપુરમાં મ્હાલો ।

-ભોજા ભગત-

૨૨ નાહં વસામિ વૈકુંઠે યોગિનાં હૃદયે નહિ ।
મદભકતા યત્ર ગાયન્તિ તત્ર તિષ્ઠામિ નારદ ।।

-શ્રીમદ ભાગવત-

૨૩ શ્રેય અને પ્રેય જુદાં જુદાં છે. શ્રુતિ.

૨૪ ક્રિયાસિધ્ધિ સત્ત્વે ભવતિ, મહતાં નોપકરણે ।
મ્હોટાની કાર્યસિધ્ધિ શક્તિ વડે થાય છે, સાધનો
ઉપર એનો આધાર નથી.

-ભર્તૃહરિ-

૨૫ અશોચ્યાનન્વશોચસ્ત્વં, પ્રજ્ઞાવાદાંશ્ચ ભાષસે ।
ગતાસૂનગતાસૂંશ્ચ નાનુશોચન્તિ પણ્ડિતા: ।।

-શ્રીમદ ભગવદ્ગીતા-૨:૧૧

અશોચ્યોને તું શોચે છે । ને વાતો જ્ઞાનની વદે ।
મૂવાં યા જીવતા - કોનો પણ્ડિતો શોચ ના કરે.

-શ્રીમદ્ ભગવદ્ગીતા-૨:૧૧

૨૬ શ્રધ્ધાવાન્ લભતે જ્ઞાનં તત્પરઃ સંયતેન્દ્રિયઃ ।
જ્ઞાનં લબ્ધ્વા પરાં શાન્તિ મચિરેણા ધિગચ્છતિ ।।
અજ્ઞશ્ચા શ્રધ્ધાનશ્ચ સંશયાત્મા વિનશ્યતિ ।
નાય લોકોઽસ્તિ ન પરો ન સુખ સંશયાત્મનઃ ।।

—શ્રીમદ્ ભગવદ્ગીતા–૪: ૩૯–૪૦

૨૭ અસંશયં મહાબાહો મનો દુર્નિગ્રહં ચલમ ।
અભ્યાસેન તુ કૌન્તેય વૈરાગ્યેણ ચ ગૃહ્યતે ।।

—શ્રીમદ્ ભગવદ્ગીતા– ૬: ૩૫

૨૮ ચતુર્વિધા ભજન્તે માં જનાઃ સુકૃતિનોઽર્જુન ।
આર્ત્તો, જિજ્ઞાસુરર્થાર્થી જ્ઞાની ચ ભરતર્ષભ ।।
તેષાં જ્ઞાની નિત્યયુક્ત એકભક્તિર્વિશિષ્યતે ।
પ્રિયો હિ જ્ઞાનિનોઽત્યર્થમહં સ ચ મમ પ્રિયઃ ।।

—શ્રીમદ્ ભગવદ્ગીતા–૧૬–૧૭

હે અર્જુન ! સુકૃત કરેલા જનો ચાર પ્રકારના મ્હારા ભકતો છે. દુઃખી, જિજ્ઞાસુ, અર્થના હેતુવાળા, અને જ્ઞાની, તેમાં હરદમ ભકિતમાં જ લીન એવા જ્ઞાની વિશેષ છે, હું તેને અતિ પ્રિય છું, અને તે મને અતિપ્રિય છે.

—શ્રીમદ્ ભગવદ્ગીતા–૭–૧૬–૧૭

૨૯ મુંચ મુંચ હિ સંસારં ત્યાગં મુંચ હિ સર્વથા ।
ત્યાગાત્યાગા વિષં શુદ્ધમમૃતં સહજં ધ્રુવમ્ ।।

—અવધૂતગીતા– ૩: ૯: ૬

છોડી દે, છોડી દે, સંસારને છોડી દે, ત્યાગને પણ સર્વથા છોડી દે, ત્યાગ અને અત્યાગ એ વિષ છે.

૩૦ તરતિ શોકમાત્મવિત ।।

આત્માને ઓળખનાર શોકને તરે છે. શ્રુતિ.

૩૧ પોથી વિશ્વની ભણી ભૂલ તું
પળીઆં છતાં બન બાળ તું.
ખરી પસ્તી એ ખરું સુખડું
પછી પાપ પુણ્ય અડે નહીં.

-મણિલાલ-

૩૨ અનન્યાશ્ચિન્તયન્તો માં યે જનાઃ પર્યુપાસતે ।
તેષાં નિત્યાભિયુક્તાનાં યોગક્ષેમં વહામ્યહમ્ ।।

-શ્રીમદ્ ભગવદ્ગીતા- ૯:૨૨

જેઓ અનન્યભાવે મારું જ ચિંતન કરેછે ને દરેક રીતે મને જ ભજે છે એવા મારામાં જ હરદમ લાગેલાઓના યોગ-ક્ષેમનો ભાર હું વહું છું.

-શ્રીમદ્ ભગવદ્ગીતા- ૯:૨૨

૩૩ સર્વ ધર્માન્ પરિત્યજ્ય મામેકં શરણં વ્રજ ।
અહં ત્વાં સર્વપાપેભ્યો મોક્ષયિષ્યામિ માં શુચઃ ।।

-શ્રીમદ્ ભગવદ્ગીતા- ૧૮:૬૬

બધા ધર્મોનો પરિત્યાગ કરીને મારા એકલાનું જ શરણ લે, હું તને બધાં પાપોમાંથી છોડાવીશ, શોક ના કર.

-શ્રીમદ્ ભગવદ્ગીતા- ૧૮:૬૬

૩૪ ઉપયોગી થવું પણ
આગ્રહુ ન થવું.

-કલાપી-

૩૫ આપા ઓટે હે તાતેં રહયા લુકાઇ:
દાદુ પરગટ પીવ હે જો યહ આપા નાઇ -
જબ મૈં થા તબ તૂ નહીં અબ તૂ હૈ મૈં નાહીં-
કહે કબીર નગરી એક મૈં દો રાજા કહો સમાઇ ?
જહાં રામ તહાં કામ નહીં, કામ તહીં નહીં રામ:

તુલસી દોનો કયાં રહે રવિ રજની એક ઠામ ?

૩૬ જાગીને જોઉં તો જગત દીસે નહીં ઊંઘમાં અટપટા ભોગ ભાસે
ચિત્ત ચૈતન્ય વિલાસ તદ્રુપ છે, બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ પાસે.

—નરસિંહ મહેતા—

૩૭ OM

I was a Gem concealed,
Me my burning ray revealed.

-Koran-i-Sharif

હું એક છૂપેલું રત્ન હતું, મને મારા બળતા તણખાએ ઉઘાડયું.

—કુરાને શરીફ—

૩૮ અક્ષર તો ખરે નહીં, અને ખરે તે અક્ષર નવ થાય,
જ્યારે ખરને ખરતો મ્હેલીએ ત્યારે અક્ષર થઇ રહેવાય
પ્રાણી ! પ્રીછ જોરે એ સન્ત કેરી સાન, અન્ય સાંભળી તું
મેલા કરે કાં કાન ?

—અખાજી—

૩૯ અજી ! કોઉંને મૂઆ –
મોઇ તેરી મમતા
પ્યારે ! તુ તો હરિસારે હે તેરી સમતા – અજી.
અજી ! કોઉંને મૂઆ – પ્યારે મોઇ તે સંગતાઃ
તૂ તો હરિસારે હે તેરી સમતા – અજી.
અજી કુછ ન ખોયા – પ્યારે ખોઇ તેરી બ્રમતાઃ
તૂ તો હરિસારે હે તેરી સમતા – અજી.

—માઇ જીવજીરામ—

૪૦ NO MAN CAN SERVE TWO MASTERS
YE CANNOT SERVE GOD AND MAMMON.

—હોલી બાઇબલ—૭૭૧—૬—૨૪.

બે ધણીઓની સેવા કોઇ કરી શકે નહીં,
તમે ધણીને અને ધનને બેને નહીં સેવી શકો.

-પવિત્ર બાઇબલ- ૭૭૧-૬-૨૪

૪૧ પ્રપંચ પરમાર્થ સંપાદન હોન્હી ।
એક હિ નિદાની ન ધડે ત્યાશી।।

-તુકારામ બુવા-

પ્રપંચ અને પરમાર્થ બન્ને મેળવવા માગે તેને એકે મળે નહીં.

-તુકારામ બુવા-

૪૨ Self perfection is the highest religion -
આત્માની પૂર્ણતા એ સર્વોપરિ ધર્મ છે.
True religion begins where philosophy
ends.
જયાં જ્ઞાનની ચર્ચા અટકે છે ત્યાં ખરો ધર્મ શરૂ થાય છે.

૪૩ Where there is a will - There is a way.
પૂરેપૂરી ઇચ્છા છે તો માર્ગ છે જ.

૪૪ પહેલી હરિશું લાગી પ્રીત તેણે ભાગી લૌકિક રીત
એમ કરતાં સગપણ નીકળયું તેણે ત્યાં કંઇ કહેતું ટાળયું -
સ્વામી સેવક પ્રીતે હતો ભાવ, સગપણ અખા સ્વતંત્રભાવ.
જો તું જીવ તો કર્તા હરિ -
જો તું શિવ તો વસ્તુ ખરી.

-અખાજી-

૪૫ એકં સત્ વિપ્રા: બહુધા વદન્તિ । શ્રુતિ
એક સત છે, વિપ્રો બહુ પ્રકારે બોલે છે. શ્રુતિ.

૪૬ મિલ ગયા માલ તો કયા પર્વા ?
ઉત્તર ગઇ ખાલ તો કયા પર્વા ?

૪૭ મર્મ સમજ રે મનવા મેરા
તામેં સમાસ જબ હોય તેરા
મન જગત્‌કા ધારણ હારા, મન મુવે મેટયા સંસાર ।
લોક સુભી સ્ફુર્યા હૈ મન કો, તાતે મન પાવે બન્ધન કો
મન મુવા તબ હે સબ રામા, ઇહ લોક પરલોક કી
ભાંગી કામી.

—અખાજી—

૪૮ નથી તેને શું નિંદીએ રે ભાઇ !
રહીએ આપણા અનુભવ માંધ્ધ
આછાં દોલલાં ઊંડાં કલાં
મિથ્યા જળ મરિચી દરસાય !

—અખાજી—

૪૯ તુઝે હે શોક મિલને કા -
તો હરદમ લો લગાતા જા -
તને મન હોય મળવાનું તો હરદમ લ્હે લગાવી દે.

૫૦ ગુરુ ગુરુ જપના -
ઔર સબ સપના. ।। ।।

૫૧ ગુરુ ગોવિન્દ ગોવિન્દ ગુરુ, નામ યુગલ રૂપ એક
તેને સ્તવું નીચો નમી, કરું બુધ્ધિમાન વિવેક,
પરાત્પર પરબ્રહ્મ જે, તે મન વાણીને અગમ્ય
તેનો લક્ષ્ય આપી શકે તે માટે ગુરુ તે બ્રહ્મ
શ્વાન શૂકર બિડાલ ખર, તેના ટોળાનો જે અન્ત
તેને મૂકે હરિ કરી જેને મળે સદ્‌ગુરુ સન્ત.
ગુરુ મહિમા છે અતિ ઘણો કો સમજે સન્ત સુજાણ,
તે ગુરુ ગોવિન્દ એકતા ભજે, જેને લાગ્યાં સદ્‌ગુરુ બાણ -
જેમ રવિ દેખાડે રવિધામને, તેમ ગુરુ દેખાડે રામ,

તે માટે હરિ તે ગુરુ, ગુરુ ગોવિન્દ એક નામ –

–અખાજી–

૫૨ ના મોહે વણન વેપાર ઉપાસન, ના મોહે મંત્ર ગુરુ નાહી ચેલા
ના મોહે રસ રસાયન આવત, ના ગુટિકા અંજન દેવ, દહેરા,
લાલચ લોભ કી બોલી ન બોલું મૈં હૂં તુમ્હારા કે હો તુમ મેરા,
ઐસી ગેબ કી બાન પરી જો અખા કી હઠ પર હઠ નાહીં
સહજજબેરા.

–અખાજી–

૫૩ જૈસે અંડ પિંડ ફૂટે વિહંગા,
ઔર રૂપ ભયો ઔર હિરંગા
આગે અંડ મધ્યે ગંદા પાની,
ચલન હલન તાકી કોમલ બાની !
બાની કોમલ અંગ ખેચર ભૂચર ભાવના સણ હરી
તૈસે જન્ત પ્રસાદ ગુરુ તે અહંતા અપનીગીરી.

–અખાજી–

૫૪ યોગ્ય નહીં તો પણ અધિક આપ્યું જગજીવન !
બહુ ભૂખ્યા ઘરઘર ભમે, મુજને ખાવા અન્ન.

–ક. દ. ડા. –

૫૫ પરમેશ્વરની આ પ્રજા, સઘળો છે સંસાર,
એક કુટુંબી આપણે એક પિતા પરિવાર,
કાળાગોરા કોઇ છે ધનહીના, ધનવાન–
કહો ન હલકો કોયને સઘળા એક સમાન.

–ક. દ. ડા. –

૫૬ આસપાસ આકાશમાં, અન્તરમાં આભાસ,
ઘાસ ચાસની પાસ પણ, વિશ્વપતિનો વાસ,
ભોંમાં પેસી ભોંયરે કરીએ કાંઇ વાત,

ઘડીએ મનમાં ઘાટ તે જાણે જગનો તાત,
ખાલી જગ્યા ખોળીએ કણી મૂકવા કામ
કયાંયે જગત્પતિ વિના ખાલી ન મળે ઠામ.

—ક. દ. દા. —

૫૭ હરખ હાસ દુ:ખ આંસુ તે ખોટા સમજે એહ
સાચ વસ્તુ નહીં અહીં કંઇ, સાચ હરિનો નેહ —
બ્રહ્મ નીતિ ને ધર્મ તે શાન્ત ધીર નિર્ધાર,
તે વગર નાંહી કાંઇ પણ સ્થિર ગંભીર મનધાર
માટે પામર માનવી ! સદ્ વસ્તુ સંગરમ,
નિશદિન તેની જ લગનમાં પાડ જીવને ગમ.

—ક. નર્મદ

૫૮ બ્રહ્માદિ સ્થાવરાન્તેષુ વૈરાગ્યં વિષયેષ્વનુ ।
યથૈવ કાકવિષ્ટાયાં વૈરાગ્યં તદ્ધિ નિર્મલમ્ ।।
બ્રહ્માદિ સ્થાવરો સુધી વૈરાગ્ય વિષયો વિશે,
જાણે કાગવિષ્ટા છે શુધ્ધ વૈરાગ્ય એ જ છે.

—શંકરાચાર્ય—

નિત્યમાત્મસ્વરૂપં હિ દૃશ્ય તદ્વિપરીતગમ ।
એવં યો નિશ્ચય સમ્યગ્ વિવેકો વસ્તુન: સંવે ।।
આત્માનું રૂપ છે નિત્ય, દૃશ્ય છે તેથી ઉલટું,
એવો નિશ્ચય પાકો જે થતે વસ્તુનો વિવેક છે.

—શંકરાચાર્ય—

૫૯ સદૈવ વાસનાત્યાગ: શમોઽયમિતિ શબ્દિત: ।
નિગ્રહો બાહ્યવૃત્તિનાં દમ ઇત્યભિધીયતે ।
વિષયેભ્ય: પરાવૃત્તિ — પરમોપરતિ ર્હિસા ।
સહનં સર્વ દુ:ખાનાં તિતિક્ષા સા શુભાંમતા ।
નિગમાચાર્ય વાક્યેષુ ભક્તિ શ્રધ્ધેતિ વિશ્રુતા ।

ચિત્તૈકાગ્ર્યં તુ સલક્ષ્યે સમાધાનમિતિ શ્રુતમ ।।
સર્વદા વાસનાત્યાગ શમ એને પિછાનવો,
નિગ્રહ બાહ્ય વૃત્તિનો દમ એને જ જાણવો
વિષયોથી પરાવૃત્તિ શ્રેષ્ઠ ઉપરતિ જ એ
સહેવાં સર્વ દુઃખોને તિતિક્ષા માનવી જ તે
શાસ્ત્ર ને ગુરુવાકયોમાં શ્રધ્ધા જ જાણજે
એક ચિત્તે સ્થિતિ લક્ષ્યે એ સમાધાન માનજે.

૬૦ સહનં સર્વ દુઃખાનામપ્રતીકાર પૂર્વકમ ।
ચિન્તા વિલાપ રહિત સા તિતિક્ષા નિગદ્યતે ।।
સ્હેવાં દુઃખો ત્રિવિધને ઉપાયો કરવા નહીં-
ના ચિંતા કે વિલાપોના, તિતિક્ષા એજ જાણવી.

દુઃખેષ્વનુદ્વિગ્નમના સુખેષુ વિગત સ્પૃહઃ ।
અનુદ્વેગી જ દુઃખોમાં ન બેપરવા જ સુખમાં.

૬૧ સંસારબંધ નિર્મુકિત - કથંમે સ્યાત્ કદાવિધ ।
ઇતિ યા સુદ્દઢા બુધ્ધિર્વકત્તવ્યા સા મુમુક્ષતા ।।

—ભગવાન શંકરાચાર્ય—

શું થશે ઓ પ્રભો ! કયારે મુકિત સંસારબંધથી ?
એવી સુદ્દઢ બુધ્ધિ તે મુમુક્ષતા જ જાણવી.

—ભગવાન શંકરાચાર્ય—

૬૨ જગકો પાવન જલ કરે, જલ કો પાવન વા
હું પૂછું તુજ પંડિતા ! વાકા પાવન કયા ?
જગ કો પાવન જલ કરે, જલ કા પાવન વા
વાકા પાવન જો ચહે, તો ગોવિન્દ ગોવિન્દ ગા ।

—મહાત્મા કબીરજી—

૬૩ નાનક નાના હો રહો જૈસી નાની દૂબ
ઘાસ ફૂસ સબ ઉડ ગયે દૂબ ખૂબ કી ખૂબ

૬૪ શબ્દ એકમાં સબ કહ્યા સબ હિ અર્થવિચાર
ભજીએ નિર્ગુણ નામ કો તજીએ વિષય-વિકાર

—અખા ભગત—

૬૫ ભક્ત મિલે, જ્ઞાની મિલે, પણ આશક વિરલા કોય,
જ્યું રણ ન છાંડે સૂરમા ટુક ટુક તન હોય —

—અખા ભગત—

૬૬ અજર જરે અમર મારે, અવેધ વેંધે જેહ,
અસ્થિરને સ્થિર કરે લાઇ । સિધ્ધ જોગી તેહ
વિષય છેદે ઇન્દ્રિય દંડે ઉપાધિ ન માંડે જેહ,
ચિત્ત રોધે બુધ્ધિ બોધે સિધ્ધ જોગી તેહ !

—નરહરિદાસજી—

૬૭ વાસના બાળ, આપગાળે હું - તૂં ટાળે જેહ,
અદૃષ્ટમાં હી દૃષ્ટિ રાખે સિધ્ધ જોગી તેહ.
એકાન્ત રહે ને કર્મ દહે મૌન રાખે જેહ
ત્રિગુણ તજે તત્ત્વ ભજે સિધ્ધ જોગી તેહ.

—નરહરિદાસજી—

૬૮ ગુરુ ગોવિન્દ દોનૂં ખડે, કિસકો લાગુ પાય ?
બલિહારી ગુરુદેવ કી ગોવિન્દ દિયા બતાય.

—કબીરજી—

ધ્યાન મૂલં ગુરોર્મૂર્ત્તિ, પૂજા મૂલં ગુરો: પદમ્।
મન્ત્ર-મૂલં ગુરોર્વાક્ય, મોક્ષ-મૂલં ગુરુ-કૃપા ।।

—ગુરુ ગીતા—

૬૯ નાસ્તિ અજ્ઞાન સમોરોગો સુચિત્તેન સમ: સખા ।
ન મન્દિરં પરં દેહાત ન દેવો દેહિન: પર: ।।

૭૦ સુમરન સુધી યૂં કરો મુખસે કછુ ન બોલ,
બહાર કે પટ દેઈકે અન્તરકે પટ ખોલ –
સુમરન સુધી યૂં કરો જૈસે દામ કંગાલ,
ઘડી ઘડી વિસરે નહીં પલ પલ લેત સંભાલ –

૭૧ FORGET ( ફર્ગેટ )

ભૂલ જાવ –

૭૨ DIE ( ડાઈ )

મર જાવ

૭૩ ગ્રંથ માંહી જયમ હો ત્યમ હો પણ તરી નિસરે તેને શેનો ભો ?
તું તો બને જીવતો મરી, પછી દેણું લેણું રહેશેઠરી –
તાણો જીવ ! આખા ! ગયો ટળી, હવે સાંશોવાણો રહેશે મળી.
મરતા પહેલા બને મરી, અણહાલ્યું જળ રહે નીતરી;
અખે જગતથી અવળું કર્યું જીવિત મૂકી મૃતકું આદર્યું –
મૃતક સમું મીઠું કંઇ નથી સારમાંથી ગાર કહાડયું મથી –
પ્રત્યક્ષ પરોક્ષ જીવતા ન લે, પણ અખા મૂવો તે નિર્ભય રહે.

–અખાજી–

૭૪ જીવતડાંને ડર છે બાવા !
મરેલાં શું મરશે રે ?
અન્તરજામી માંહી સમાયા
તેને જમ શું કરશે રે ?

–લાલદાસજી–

૭૫ મરના મરના સબ કહે,
પણ મરી ન શકે કોય;

એકવાર ઐસા જ મરના
કિ ફેર જનમ ના હોય....જી..

-કબીર-

૭૬ જિસ તન કુટયા ગુરાને ખોટ !
કયા બરછી કયા કમર કટારા ?
બચનાં કી લાઇ ચોટ ।। જિસ તન. ।।

જિસ તન લગી શબ્દકી ચોટ ।
કયારે ભૂખા કયારે બાવલી ? ।
નહીં ખાઇકી લોડ ।। જિસ તન. ।।

-ભાઇ જીવજીરામ-

૭૭ ફકીરી કર અખત્યાર, મનવા ! ફકીરી.
બન મૂરખ મસ્ત ગંવાર મનવા ! ફકીરી.
ઇશ્ક ભભૂત ઉડાવી પછી કર કૂચે બનાંની દરકાર, ફકીરી.
લાજ સમાજથી કાજ ન કાંઇ, ભૂલ તું આપ વિચાર, ફકીરી.
આપ ભૂલી ભર આપ થકી સહુ, ભોગવ સનમ દીદાર-ફકીરી.
એમ મરી જીવ્યું તેજ છે જીવ્યું છે, નર ખર વાનર છે હજાર-ફકીરી.
ઇશ્ક સુનાવો ઇશ્ક બજાવો, ગા તાનથી ઇશ્ક પુકાર- ફકીરી.
બ્રહ્મ-સનમ-મયથા, કર બાધુ, પરમ સનમ મતિ સાર- ફકીરી
ફના કરવું, ફના થાવું, ફનામાં શાહ સમાઇ છે,
મરીને જીવવાનો મંત્ર દિલ્બરની દુહાઇ છે.

-મણિલાલ-

ગઝલ

૭૮ હમે જોગી બધા વરવા, સ્મશાનો ઢૂંઢનારાઓ !
તહીંના ભૂતને ગાઇ જગાવી ખેલનારાઓ ! હમે.
જહાં જેને કરી મુરદૂ કબરમાં મોકલી દેતી,
હમે એ કાનમાં જાદૂ હમારું ફૂંકનારાઓ !

જહાંથી જે થયું બાતલ અહીં તે છે થયું શામિલ !
હમે તો ખાકની મૂઠી ભરી રાજી થનારાઓ ! હમે.
જહીં જખ્મો તહીં બોસા તણો મર્હમ હમે દેતા !
બધાંના ઇશ્કનાં દર્દો બધાં યે વ્હોરનારાઓ ! હમે.

– કલાપી–દેવ–

૭૯ હરિનો મારગ છે શૂરાનો, નહીં કાયરનું કામ જોને !
પ્રથમ પહેલું મસ્તક મૂકી વળતી લેવું નામ જોને !
સુત વિત્ત દારા શીષ સમર્પે તે પામે રસ પીવા જોને !
સિન્ધુ મધ્યે મોતી લેવા, માંહી પડયા મરજીવા જોને !
મરણ આંગમે તે ભરે મૂઠી, દિલની દુગ્ધા વામે જોને !
તીરે ઉભો જુવે તમાશો, તે કોડી નવ પામે જોને !
પ્રેમ–પન્થ પાવકની જવાળા, ભાળી પાછા ભાગે જોને !
માંહી પડયા તે મહાસુખ પામે દેખનારા દાઝે જોને !
માથા સાટે મોંઘી વસ્તુ સાંપડવી નહીં સ્હેલ જોને !
મહાપદ પામ્યા તે મરજીવા મૂકી મનનો મેલ જોને !
રામ અમલમાં રાતામાતા, પૂરા પ્રેમી પરખે જોને !
પ્રીતમના સ્વામીની લીલા તે રજની–દિન નિરખે જોને !

–પ્રીતમદાસજી–

૮૦ ગ્યાની દુનિયા દીનસેં હાથ જે કોઇ ધોય
પ્રેમ પિયાલા વ્હો પીએ, મરજીવા જે હોય.
પ્રેમ–નગરમેં પેઠે જબસેં ચાલ જગતકા છૂટા !
જીતના થા શાસ્તરના બંધન સભી એકદમ તૂટા !
હમ તો આશક મસ્તાના કિસી–કી બાત ન માનેજી !
જો કોઇ આશક રહે પિયાકા એસી હાલત હોવે !
દુનિયા–ભીતર ચિત્ત ન લાગે ! અકલ અપની કો ખોવે !
હમ તો આશક મસ્તાને કિસીકી બાત ન માનેજી.'

–હઝરત અનવર–શાહ–

૮૧ બૈઠે હૈ તેરે દર પે તો કુછ કરકે ઉઠેંગે ।
યા વસ્લ તો હો જાયગા યા મરકે ઉઠેંગે ।।
ઇશ્ક મરને મેં ક્યા લઝ્ઝત હૈ જિસ મુંહ કો ચાટ લગે ઇસકી ।
થૂંકે હૈ શાહનશાહી પર ! સબ ન્યામતેં દૌલત હો ફીકી !
મય ચાહીયે ! દિલ સિર દે ફૂંકો ઔર આગ જલાવો ભઠ્ઠીકી
ક્યા સસ્તા બાદાહ બિકતા હૈ !"લે લો"કા શોર મુનાદી હૈ !

-સ્વામી રામતીર્થજી-

૮૨ પ્રેમ બિકાતા મૈં સૂન્યા માથા સાટે હાટી ।
દેતાં વિલંબ ન કીજિયે તત્ક્ષણ દીજે કાટી ।।

પ્રેમ પ્રેમ સૌ કો કહે, પ્રેમ ન ચીન્હે કોય ।
અષ્ટ પ્રહર ભીના રહે, પ્રેમ કહાવે સોય ।।

-અખાજી-

૮૩ જીવન મૃતક હો રહા તજી પલકકી આસ ।
રિધ્ધિ સિધ્ધિ આગે ખડી ક્યું દુઃખ પાવે દાસ ।।

આત્મ અનુભવ જ્ઞાન હૈ, પ્રલય કાલ કી આંચ ।
ભસ્મ કરે સબ જારિ કે, સુન્દર દ્વૈત પ્રપંચ ।।
દૂરી કરે સબ વાસના, આશા રહે ન કોઇ ।
વો હી સુન્દર મુક્તિ હૈ જીવત હિ સુખ હોઇ ।

।। ।। -સુન્દરદાસજી-

૮૪ લિખના, પ્હડના, ચાતુરી,
તીનોં બાત હૈ સ્હેલ :
કામ દહન, મન બસ કરન,
ગગન ચ્હડન મુશ્કેલ :

૮૫ કોઇ જ્ઞાની જનત જ્ઞાન ચહ,
જિનું લક્ષ લિયા ૐકાર ।
શબ્દ એકમેં નિપજે અખા, કર્યો પછી મરે સંસાર.

।। ।। –અખાજી–

૮૬ ગુરુ ગુરુ ગુરુદેવ કી જય –
જય જય ગુરુદેવ કી જય ।।

।। ગુરુ ગુરુ ।।

૮૭ આરતી ઉતારું મ્હારા હરિ ગુરુ સંત
ટાળ્યાં સર્વે ફન્દ ચોરાસીના બંધ-

હરિગુરુદેવની આરતી.

આરતી કરીને લઉં વારણાંરે, ધરું શ્રવણ મનન નિજધ્યાન-
સદ્ગુરુને શીષ સોંપતાં રે, મ્હારું ટળી ગયું દેહાભિમાન-

હરિગુરુદેવની આરતી.

સદ્ગુરુએ સાનમાં રે, સમજાવ્યું સુણપાર,
બ્રહ્માનંદ સ્વામી અનુભવ્યા રે મુને ભાસ્યો છે બ્રહ્માકાર.

હરિગુરુદેવની આરતી.

મ્હાનુભાવજીએ મહેર કરી રે સમજાવી સર્વ રીત,
જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ રે – મુને ભાસ્યું છે તુરીયાતીત

હરિગુરુદેવની આરતી.

સદ્ગુરુ શોભા શી કહું રે ? મુખે વર્ણવી નવ જાય –
હરિહર બ્રહ્માદિક સ્તુતિ કરે રે – તો ય શબ્દાતીત સોહાય.

હરિગુરુદેવની આરતી.

આપેપણું અવલોકયું રે, સદ્ગુરુ કેરી ચોજ,
અન્તરજામી એક આત્મારે હરિ વિલસ્યા પોતાની મોજ

હરિગુરુદેવની આરતી.

।। ગુરુ ગુરુ ગુરુ દેવ કી જય – જય જય ગુરુદેવ કી જય ।।ગુરુ।।

૮૮ DO ડીયો ડુ યાને જરૂર કરો.

૮૯ ને સ્ત હસ્તિ મગર ય જ્ઞદાન ।।

—કુરાને શરીફ—

૯૦ કોમલ ચિત્ત અપિ દીન દયાલા ।
કારન બિન રઘુનાથ કૃપાલા ।।

—તુલસી દાસજી—

૯૧ હરિપ્રેમ સુધારસ પીયે બિના
ભવસાગર કિસી બિધિ તરના હૈ ?

—કબીર સાહેબ—

૯૨ આત્મા અરુ પરમાત્મા અલગ રહે બહુ કાલ ।
સુન્દર મેલા કર દિયા સદગુરુ મિલા દલાલ ।।

—સુન્દર દાસજી—

૯૩ આજ્ઞા ગુરુણામ્ અવિચારણીયા ।।
ગુરુઓની આજ્ઞાને વિચાર કરવા વગર અનુસરવું.

૯૪ ત્રણ વવ્વાથી ચેતીને ચાલો.
:૧: વારુણી :૨: વનિતા ને :૩: વિત્ત
બાબા ! દામ યામસે બચે રહો.
કિમત્ર હેયમ્ ? કનકં ચ કાન્તા ।
અહીં તજવા યોગ્ય શું ? નાણું ને નારી

૯૫ આધા શબ્દ ગુરુદેવ કા,
તાકા અનન્ત વિચાર
જ્ઞાની મુનિ થક ગયે,
વેદ ન પાયા પાર ।। ।।

૯૬ ચુપ

૯૭ મન ! તું ગિરિધારી ગા !
બીજું બધું ભૂલી જા !

૯૮ રોમે રોમે ચડે રામરસ રોમે રોમે ચડે
પીતાં પૂર્ણ અનુભવ પ્રગટે-
અનન્ત નેત્ર ઉઘડે. રામ ૦
દ્વાદશ અંગુલિ ભરી પીએ તો,
નવી સૃષ્ટિ ને ઘડે. રામ ૦
સૂંઘે તેને સ્વરૂપ દરસે,
પાછો ભવ ના પડે. રામ ૦
આપે નિર્ભય સઘળે વર્તે,
જો જિહવાએ અડે. રામ ૦
અજબ ખુમારી અદ્‌ભુત ત્હારી,
બ્રહ્મ વિરો જઇ લડે. રામ ૦
પિંડ બ્રહ્માંડની પાર રહ્યા તે,
હંસ થઇ નીવડે. રામ ૦
મરજીવા તે મહારસ માણે,
તેથી નહીં કોઇ બડે. રામ ૦
જન છોટમ એવા જન મળતાં
ભાગ્ય ભલાં ઉઘડે. રામ ૦

૯૯ નિશ્ચય કરો રામનું નામ,
નથી કંઇ જોગી થઇને જાવું ।
નથી ભેખ ભગવો કંઇ કરવો,
ભેગું કરીને ખાવું !
એક ત્રાજવે સૌ સંસારી, બીજે જોગી લાવો,
કિયા જોગીને રામજી મળિયા ? એવા એક બતાવો ! નિશ્ચય૦

મહેતો, મીરાં ને પ્રહલાદ, સનો નાભિકની જાતિ
ધન્નો, પીપો, રોહિદાસ, કુબો, ગોરો કુંભારની જાતિ ! નિશ્ચય૦
બોડાણો જ્ઞાતિ રજપૂતની, ગંગા બાઇ છે નારી,
દાસ થઇને જો રહ્યા તો ઘેર આવ્યા ગિરિધારી ! નિશ્ચય૦
રંકા, વંકા, સજન, કસાઇ, ભજ્યા રાત ને દહાડો !
ક્યિા જોગીને રામજી મળિયા ? એવા એક દેખાડો ! નિશ્ચય૦
જંગલમાં મંગલ કરી જાણે, મંગલ જંગલ જેને !
કડવું મીઠું, મીઠું કડવું, રામજીવશ છે તેને ! નિશ્ચય૦
પયને ઓથે ઘૃત રહ્યું છે, તલ ને ઓથે જ્યમ તેલ !
કહે નરભો રઘુવર છે સઘળે, એવા એનો ખેલ ! નિશ્ચય૦

૧૦૦ જય ગુરુ જય ગુરુ દત્ત દિગંબર
ત્રિગુણાતીત સ્વયં પરમેશ્વર –

૧૦૧ ગુરુ દત્ત ફિરત બન બનમેં
ઉન્મત્ત રહત નિર્ગુનમેં ।। ।

---ooo---